Divyabhaskar

EDII

September 3, 2022
Pg. 14

# મહિલાઓના નેતૃત્વ હેઠળ EDIIનું કોર્પોરેટ સાથે જોડાણ

એજન્સી | નવી દિલ્હી

આજીવિકા માટે એક મજબૂત વિકલ્પ પૂરો પાડવાના લક્ષ્યાંક સાથે મહિલા સ્ટાર્ટઅપના સ્થાપકો, બેરોજગારો, કારીગરો તેમજ વણકરોને ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસની તાલીમ પૂરી પાડતી સંસ્થા આંત્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII) એ 1,000 દિવસમાં દેશભરના 100 જીલ્લાઓમાં મહિલાઓના નેતૃત્વ હેઠળના ગ્રીન બિઝનેસના સર્જન માટે કોર્પોરેટ સાથે સમજૂતિ કરી છે. EDII એ સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કૌશલ્ય વિકાસ માટેનું કેન્દ્ર છે. સંસ્થા સરકારી મંત્રાલયો અને વિભાગો તેમજ ઈન્ડિયા INC સાથે મળીને સમુદાયોના સર્વસમાવેશક વિકાસને લક્ષ્યમાં રાખીને વિકાસલક્ષી પ્રોજેક્ટના અમલીકરણ માટે કાર્યરત છે.

EDIIના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, ગ્રામિણ ઉદ્યોગસાહસિકતા ચોક્કસ લોકોને એક નિશ્ચિત આવડત અને કૌશલ્યને લગતી તાલીમ પૂરી પાડીને ભારતીય અર્થતંત્રને વેગ આપવા માટેની ક્ષમતા ધરાવે છે.

EDIIના ડાયેક્ટર રમણ ગુજરાલે જણાવ્યું હતું કે, વધુ મૂલ્ય ઉમેરતી પ્રોડક્ટ્સની સતત વધતી જરૂરિયાત તેમજ પર્યાવરણને ઓછામાં ઓછા નુકસાન પહોંચાડતી સેવાની આવશ્યકતા પણ ભાર મૂક્યો હતો. મોટા કોર્પોરેટ માંધાતાઓ તેમજ નાના ઉદ્યોગો માટે વેપારમાં ટકાઉપણુ ખૂબ જ મહત્વ ધરાવે છે. આ જ બાબતને ધ્યાનમાં રાખીને પર્યાવરણને સૌથી ઓછુ નુકસાન પહોંચાડતા સાહસો અને આર્થિક વૃદ્ધિને વેગ આપતા વેપારને પ્રોત્સાહિત કરવા માટેની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. તેનાથી જ પર્યાવરણનું સંવર્ધન પણ શક્ય બનશે. ગ્રામ્ય અને શહેરી સેક્ટરમાં નવીનતા અને પર્યાવરણને અનુકૂળ પ્રેક્ટિસને અમલમાં મૂકવાની જરૂરિયાત છે.